# પ્રાંતિજ ભોઈવાસ ખાતે ૨૩મો પાટોત્સવ યોજાયો





પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ભોઈવાસ ખાતે એકદિવસીય ૨૩ મો પાટોત્સવ યોજાયો હતો જેમા સમાજ ના લોકો સહિત માઈ ભકતો ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા પ્રાંતિજ ભોઈવાસ ખાતે આવેલ મંદિર માં બિરાજમાન શ્રી ગણપતિ દાદા અને શ્રી મહાકાલી માતાજીનો તા.૧૮/૨/૨૦૨૩ ને શનિવાર ના રોજ ૨૩ મો પાટોત્સવ ની ભવ્ય રીતે ઉજવાયો હતો જેમા હવન , ધજારોહન , મહાઆરતી મહા પ્રસાદ સહિત ના કાર્યક્રમો યોજાયા હતા અને રાત્રીના સમયે રાસગરબા નુ પણ સુંદર રીતે આયોજન કરવામા આવ્યુ છે તો આ પ્રસંગે ભોઈ સમાજ ના લોકો સહિત માઈ ભકતો ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને હવન પ્રસાદ સહિત નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી તો રાત્રી ના સમયે રાસગરબા નુ પણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો મંદિર વ્યવસ્થાપક કમિટી તથા પ્રાંતિજ ભોઈ સમાજ દ્વારા ભોઈવાસ ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષેપણ ૨૩ મા પાટોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય કમલમનુ ખાતમુહૂર્ત ૨૫મીએ સી આર પાટીલના હસ્તે યોજાશે

તલોદ તા ૨૦

સાબરકાંઠા જિલ્લા ભાજપ ના નવીન કાર્યાલય કમલમ નુ ખાતમુહૂર્ત આગામી તારીખ ૨૫ ફેબ્રુઆરી ને શનિવાર ના રોજ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ ના હસ્તે સવારે ૯.૩૦ કલાકે યોજાનાર હોવાનુ જાણવા મળે છે

આ અંગે માહિતી આપતાં જિલ્લા ભાજપ પ્રમુખ જે ડી પટેલે જણાવ્યુ હતું કે હાલ જિલ્લા ભાજપ નુ કાર્યાલય હાલ ન્યાય મંદીર વિસ્તાર ખાતે કાર્યરત છે હિમતનગર બાય પાસ રોડ પર આવેલ જિલ્લા પંચાયતકાર્યાલય ના સામે નવીન કાર્યાલય કમલમ નુ ખાતમુહૂર્ત આગામી તારીખ ૨૫ ફેબ્રુઆરીના રોજ સવારે સાડાનવ વાગે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ ના હસ્તે યોજાનાર છે, જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકર જી અતિથિ વિશેષ પદે પ્રદેશ ભાજપ મહામંત્રી અને પૂર્વ ગૃહ પ્રધાન રજનીભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રભારી ભરત ભાઈ આર્ય, રેખાબેન ચૌધરી અને સાંસદ દીપ સિંહ રાઠોડ, રમીલા બેન બારા,ધારાસભ્યો ગજેન્દ્રસિંહ પરમાર, રમણ ભાઈ વોરા અને વી ડી ઝાલા ની પ્રેરક ઉપસ્થિતિ માં યોજાનાર છે

ખાત મુહૂર્ત વિધિ માં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં થી મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેનાર હોવાનુ જણાવ્યું હતુ

# ડીસાના આસેડા પાસે કેનાલમાં ગાબડું પડતા ખેતરોમાં પાણી ફરી વળ્યું

## ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતોને નુકશાન

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને તેમના ખેતર સુધી



સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તે માટે સરકાર દ્વારા કેનાલ બનાવવામાં આવી છે, પરંતુ કેનાલ બનાવ્યા બાદ સફાઈ અને સમારકામના અભાવે તેમાં પાણી છોડતા જ ઠેર- ઠેર ગાબડાઓ પડે છે. વારંવાર કેનાલમાં ગાબડા પડતા ખેડૂતોને મોટું નુકસાન વેઠવું પડે છે. જેમાં આજે ડીસા-પાટણ હાઈવે પર આસેડા ગામ પાસે પણ દાંતીવાડા કેનાલમાં મોટું ગાબડું પડ્યું હતું. ગાબડું પડતા જ કેનાલનું પાણી આજુબાજુના ખેતરોમાં ફરી વળ્યું હતું અને ખેતરોમાં પાણી ભરાઈ જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જે કેનાલ ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે તે જ કેનાલો વારંવાર તૂટતા ખેડૂતો માટે અભિશાપ રૂપ બની જાય છે. જેમાં આજે આસેડા ગામ પાસે પણ કેનાલનું પાણી ખેતરોમાં એક એક ફૂટ સુધી ભરાઈ ગયું હતું. જેથી ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી છે. બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારોમાં પણ જ્યારે જ્યારે કેનાલમાં પાણી છોડવામાં આવે છે. ત્યારે ત્યારે કેનાલ કાગળના પત્તાની જેમ તૂટી જાય છે અને ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ત્યારે ખેડૂતોની પણ માગ છે કે, કેનાલ તૂટવાના કારણે ખેડૂતોને નુકસાન થાય છે. ત્યારે સરકારે નુકસાનગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક વળતર ચૂકવવું જોઈએ.

# ધાનેરા નગરપાલિકામાં એસ. આઈ. ચાર્જમાં પણ પાલિકામાં જોવા મળતો નથી

## કોની મહેરબાની?




ધાનેરા તા.૨૦

ધાનેરા નગરપાલિકા માં એસ.આઈ અત્યારે ચાર્જ માં મુકવામાં આવેલ છે. પરંતુ એક પણ દિવસ હાજર રહેતો નથી તો પછી ધાનેરા માં સ્વચ્છતા ની જવાબદારી કોની? ધાનેરા નગરપાલિકા નો વહીવટ દિવસેને દિવસે બગડી રયો છે. પ્રજા નો અવાજ કોઈ સાંભળતું જ નથી ધાનેરા નગરપાલિકા માં એસ.આઈ તરીકે ચાર્જ માં ફરજ બજાવતો કર્મચારી ધાનેરા એક પણ દિવસ હાજર રહેતો નથી ત્યારે ધાનેરા માં વહીવટ કથળી રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ધાનેરા નાં એસ.આઈ બાબતે વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી તો એસ.આઈ પર મહેરબાની કોની ? શું ધાનેરા નગરપાલિકા પ્રજાનું હીત નેવે મુકીને પ્રજા સાથે વિશ્વાસ ઘાત કરી ગુમરાહ કરવામાં આવી રયા છે. ધાનેરામાં સ્વચ્છતા બાબતે કર્મચારીઓ તેમજ લોકો માટે લોકો એ ચૂંટી ને મોકલેલ કોર્પોટરો પણ આંખ આડા કાન કરી રહ્યા છે કોઈ ધ્યાન આપતાં નથી. ધાનેરા માં જ્યાં ત્યાં ભુગર્ભ ગટરો ઉભરાઈ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે છતાં એસ.આઈ બાબતે ની જવાબદારી કોની ? ધાનેરા માં સ્વચ્છતા ના મોટા બોર્ડ લગાવી નગરપાલિકા માં પોતાનો જ પ્રચાર કરી રયો છે પ્રજા પરેશાન છે .ત્યારે ચુંટાયેલા સભ્યો પણ વાયદા ભૂલી ગયા છે અને હવે ધ્યાન આપતા નથી આ બાબતે નગરપાલિકા કમિશનર યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

### ૪-૪ મહિનાથી પગારનાં ફાંફાં, ૩૦૦ થી વધુ બેરોજગારોની મશ્કરી

# અરવલ્લીના પ્રવાસી શિક્ષકો ૪ મહિનાથી, સાબરકાંઠાના ૨ મહિનાથી પગારથી વંચિત

## શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટ અગાઉથી ફાળવ્યાના દાવા ફરી પોકળ

બાયડ, તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ધો.૯ થી ૧૨ની શાળાઓમાં શિક્ષકોની ઘટ દૂર કરવા પ્રવાસી શિક્ષકોની નિયુક્તિ કરવામાં આવી પરંતુ અરવલ્લી જિલ્લામાં ૪ મહિનાથી અને સાબરકાંઠામાં ૨ મહિનાથી પ્રવાસી શિક્ષકો પગારથી વંચિત રહેતાં ૩૦૦ જેટલા બેરોજગાર પ્રવાસી શિક્ષકોની શિક્ષણ વિભાગ દ્વારા મશ્કરી થતી હોવાની લાગણી પ્રવર્તિ રહી છે. દૂરથી પ્રવાસી શિક્ષક તરીકે ફરજ બજાવતા બેરોજગારોને હવે અપ-ડાઉનનાં ભાડાં કાઢવાં પણ મુશ્કેલ થઈ પડ્યાં છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધો.૯ થી ૧૨ ની અનુદાન મેળવતી શાળાઓમાં શિક્ષકોની ઘટના કારણે શિક્ષણને અસર થતાં વ્યાપક રજૂઆત પછી સ્થાનિક જિલ્લા સ્તરે ડી.ઈ.ઓ.ની એન.ઓ.સી. મેળવી પ્રવાસી શિક્ષકોની ભરતી માટે મંજૂરી આપવામાં આવી હતી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગત જૂન મહિનામાં ૩૦૦ જેટલા પ્રવાસી શિક્ષકોની શાળાઓમાં નિયુક્તિ કરવામાં આવી હતી જેમાં અરવલ્લી જિલ્લામાં ઓક્ટોબર મહિનાથી પ્રવાસી શિક્ષકોનો પગાર થયો નથી. ૪-૪ મહિના થવા છતાં પ્રવાસી શિક્ષકોના પગારનાં ઠેકાણાં ન હોવાથી પ્રવાસી શિક્ષકોની હાલત વધુ કફોડી થઈ છે. બેરોજગારીથી ત્રાસી પ્રવાસી શિક્ષકની વેતન આધારીત નોકરી મેળવી પરંતુ અહીંયાં પણ પગારનાં ઠેકાણાં નથી તેવી સ્થિતિ સામે આવી છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ડિસેમ્બર, જાન્યુઆરી એમ બે મહિનાના પ્રવાસી શિક્ષકોના પગાર બાકી હોવાનું જાણવા મળ્યું છે. એક તરફ રાજ્યનો શિક્ષણ વિભાગ અને કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા અગાઉથી પ્રવાસી શિક્ષકો માટેની ગ્રાન્ટ જે તે જિલ્લાને ફાળવી દીધી હોવાના ગાઈ-વગાડીને દાવા કરવામાં આવ્યા હતા તો પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ પ્રવાસી શિક્ષકોને પગાર ચૂકવવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે તે સમજાતું નથી.


### પગાર ન મળતાં અનેક પ્રવાસી શિક્ષકો નોકરી છોડવા મજબૂર

વધતી મોંઘવારીમાં સરકારી નોકરી નસીબ ન થતાં તાલીમી સ્નાતક અનેક બેરોજગારોએ પ્રવાસી શિક્ષક તરીકેની નોકરી મેળવી પરંતુ છેલ્લા ૨ થી ૪ મહિના સુધી પ્રવાસી શિક્ષકોના પગાર ન થતાં અનેક બેરોજગારો પ્રવાસી શિક્ષક તરીકેની નોકરી છોડવા મજબૂર બન્યા છે. જ્યારે કેટલાક મંડળોએ બેરોજગારોની મનોદશા સમજી પ્રવાસી શિક્ષકોને જરુરીયાત મુજબ પગાર આપ્યાનું પણ જાણવા મળ્યું છે.

# મોડાસાના મહાદેવપુરા કંપાના ખેતરમાંથી ડ્રિપ ઈરીગેશન પાઈપની ચોરી કરતા બે સગીરને ઝડપી પોલીસને સોંપ્યા

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના અનેક વિસ્તારોમાં પીવાની અને ખેતીના પાણીની તંગી છાસવારે સર્જાતી હોય છે આ કપરા સમયમાં ખેડૂતો પાણીના ઓછા વપરાશથી સારી ઉપજ મળી રહે અને પાણીના અભાવે ખેતીમા નુકશાન સહન ન કરવું પડે તે માટે ખર્ચાળ ડ્રિપ ઈરીગેશન પધ્ધતિ થી ખેતી કરી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં ડ્રિપ ઈરીગેશનની પાઈપ ચોરી થવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે મોડાસા તાલુકાના મહાદેવપુરા કંપાના ખેતરમાં લોડીંગ રીક્ષા લઈ ચોરી કરવા પહોચલા બંને સગીરોને ખેડૂતોએ ઝડપી પાડી



રૂરલ પોલીસને સોંપી દીધી હતા. મોડાસા તાલુકાના મહાદેવપુરા કંપામાં અનેક ખેડૂતો ડ્રિપ ઈરીગેશનની મદદથી ખેતી કરી રહ્યા છે ગત રાત્રીએ લોડિંગ રિક્ષામાં ડ્રિપ ઈરીગેશન પાઈપની ચોરી કરતા બે લબરમૂછિયા યુવકનો ખેડૂતોએ દબોચી લેતા મોટી સંખ્યામાં ખેડૂતો દોડી આવ્યા હતા ખેડૂતો ડ્રિપ ઈરીગેશન પાઈપની ચોરી કરનાર બંને લબરમૂછિયા યુવકોની હિંમત જોઈ ચોકી ઉઠ્યા હતા અને ડ્રિપ ઈરીગેશનની ચોરી કરવા આવેલ યુવકોનો વિડીયો પણ બનાવી લીધો હતો જેમાં બને ભિલોડા તાલુકાના માંકડી ગામના અને હાલ બાયલ ઢાંખરોલ રહેતા હોવાના તેમજ ચોરી કરેલ પાઈપના બંડલ રણાસણ ગામના શંકર નામના ભંગારીયાને આપવાનું સ્વીકારતા જોવા મળ્યા હતા ખેડૂતોએ બંને ચોર યુવકોને રૂરલ પોલીસને સોંપી દીધા હતા. મોડાસા રૂરલ પોલીસે બંને સગીર યુવકો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિની નિમિત્તે મોડાસા શહેરમાં સૌપ્રથમ બાઈક રેલી યોજાઈ




મોડાસા,તા. ૨૦

હિન્દવી સ્વરાજના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિની ઉજવણીના ભાગરુપે મોડાસા શહેરમાં હિન્દૂ સંગઠનો અને યુવાનો દ્વારા મોડાસા શહેરમાં ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી મોડાસા શહેરમાં યોજાયેલ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા શહેરના માર્ગો જય ભવાની જય શિવાજીના નાદથી ગુંજી ઉઠ્યા હતા. મોડાસા શહેરમાં સૌપ્રથમ વાર હિન્દુ હૃદય સમ્રાટ અને મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે રવિવારે ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી જેમાં શિવાજી મહારાજની છબીને પુષ્પાંજલિ આપી શહેરના માર્ગો પર બાઈક રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો અને હિન્દુવાદી સંગઠનના અગ્રણીઓ જોડાયા હતા શહેરના માર્ગો પર યોજાયેલ બાઈક રેલીમાં જય ભવાની જય શિવાનીના નારો લાગ્યા હતા.

# પ્રાંતિજ ના એપ્રોચરોડ ઉપર ઈકોકાર ચાલકે બાઈક ચાલક ને અડફેટે લીધા

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના એપ્રોચરોડ ઉપર ઈકોકાર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈક ઉપર જઈ રહેલ દંપતિ ને ઈજાઓ પોંહચી હતી તો ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા. પ્રાંતિજ ના એપ્રોચરોડ ઉપર આવેલ શીવાલીક કોમ્પલેક્ષ આગળ રાત્રી ઈકોકાર નંબર જીજે૦૯એજી.૦૮૭૯ નો ચાલક બેદરકારી અને ગફલત ભરીરીતે હંકારી લાવી ભાંખરીયા બસસ્ટેશન તરફ જવા રોડ ઉપર કટ માંથી એકદમ વળાવીદેતા અડફેટે લેતા બાઈક ઉપર જઈ રહેલ પ્રાંતિજ ના વાઘપુર ના દંપતી ધવલકુમાર રતીભાઈ વણકર તથા તેમણા પત્ની વનીતાબેન ધવલકુમાર વણકર ને માથાના ભાગે તથા હાથે પગે શરીરે ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ને લઈ ને લોકો આજુબાજુમાંથી ઘટના સ્થળે દોડી આવ્યા હતા તો ઈજાગ્રસ્ત મહિલા દ્વારા ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત દંપતી ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા જેમા ધવલ કુમાર ને વધુ ઈજાઓ પહોચતા તેવો વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યા હતા તો ઈકોકાર ચાલક અકસ્માત સર્જી પોતાની ઈકોકાર લઈ ને ઘટના સ્થળેથી જતો રહ્યો હતો તો વનીતાબેન બેન ધવલકુમાર વણકર રહે.વાઘપુર તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે ઈકોકાર ચાલક નવનીતભાઈ કાળાભાઈ પટેલ ગામ વદરાડ તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭,૧૮૪,૧૩૪,(હ) મુજબ ગુનોનોંધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસાના કોલેજ રોડ પર કરિયાણાની દુકાન શોર્ટ સર્કિટથી આગમાં ખાખ

## ૭ લાખથી વધુનું નુકશાન, માલિક પર આભ તૂટી પડ્યું

મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરની મખદૂમ ચોકડી નજીક પી.બી.સુપર માર્કેટમાં આવેલી કરિયાણાની દુકાનમાં મોડી રાત્રે શોર્ટ સર્કિટથી ભીષણ આગ લાગતા દુકાનમાં રહેલ કરીયાણાનો માલસામાન અને અગત્યના ડોક્યુમેન્ટ સહીત રાચ રચીલું આગમાં ખાખ થઈ ગયું હતું મોડાસા નગરપાલીકા ફાયર ફાયટરની ટીમે પાણીનો મારો ચલાવી ભારે જહેમત પર આગ પર કાબુ મેળવ્યો હતો કરિયાણાની દુકાન આગમાં સ્વાહા થતા દુકાન માલિક પર આભ તૂટી પડ્યું હતું મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. મોડાસાની બાગે ફિરદોશ સોસાયટીમાં રહેતા અલ્તાફહુસેન ઉસ્માનગની કાંકરોલીયા પી.બી. સુપર માર્કેટમાં રોયલ કરિયાણાની દુકાન ગુરુવારે રાત્રે રાબેતા મુજબ બંધ કરી ઘરે ગયા હતા દુકાનમાં મોડી રાત્રે ત્રણ વાગ્યાની આસપાસ શોર્ટ સર્કિટથી




આગ લાગતા દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા અને લબકારા મારતી આગ પ્રસરતા આજુબાજુના લોકોએ દુકાન માલિકને જાણ કરતા દુકાને દોડી આવ્યા હતા ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ફાયટર પહોંચે તે પહેલા દુકાનમાં રહેલ કરિયાણું સહીત અગત્યના ડોક્યુમેન્ટ્સ આગમાં હોમાઈ ગયા હતા ફાયર બ્રીગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી આગને વધુ પ્રસરતી અટકાવતા અન્ય દુકાનદારોએ હાશકારો અનુભવ્યો હતો દુકાન આગમાં ખાખ થતા વેપારી અને તેના પરિવારજનો પર આર્થીક સંકટ તૂટી પડતા નીરાશામાં ગરકાવ થઈ ગયા હતા.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા "હાથ સે હાથ જોડો" પદયાત્રા કાઢવામાં આવી

## નગરના પ્રશ્નો સાથે પ્રાંતિજ નગરમા પદયાત્રા નિકળી : કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા તથા ધારાસભ્ય ડૉ.તુષાર ચૌધરી સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો જોડાયા





પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા હાથ સે હાથ જોડો યદયાત્રા કાઢવામા આવી હતી જેમા પ્રાંતિજ નગરના પ્રાણ પ્રશ્નો ની યાત્રા દરમ્યાન પેફલેટ નગરજનોને વેચવામા આવ્યા હતા અને આવો હાથ સે હાથ જોડો યાત્રા માં જોડાઓ નગરના લોકોને આહ્વાન કર્યુ હતુ રાહુલ ગાંધી એ સપ્ટેમ્બર મા કન્યા કુમારીથી કાશ્મીર સુધીની ભારત જોડો યદયાત્રા શરૂ કરી અને ૪૦૦૦ કિલો મીટર ચાલીને દેશના ખૂણે ખૂણે એકતા અને અખંડતા સાથે હાથસે હાથ જોડો પદયાત્રા એછે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ કોંગ્રેસ શહેર સમિતી અને તાલુકા સમિતી દ્વારા આજે પ્રાંતિજ ખાતે આવો હાથસે હાથ જોડો પદયાત્રા કાઢવામા આવી હતી જેમા પ્રાંતિજ નગર પાલિકા વિસ્તાર માં નગરના પ્રાણ પ્રશ્નો સહિત લોકોને કોંગ્રેસ સાથે હાથ સે હાથ જોડો પદયાત્રા મા જોડાવા તથા કોંગ્રેસ સાથે જોડાવા અનુરોધ કર્યો હતો તો પેફલેટ વેચાણ કરી નગરપાલિકા વિસ્તાર ની સમસ્યો તથા ભાજપ સાસિત પાલિકા મા ૮૨ લાખનો ઓન પેપર ભ્રષ્ટાચાર થયેલ તે તટસ્થ તપાસ કરવાની માંગ તથા વાર તહેવારોમાં જ વીજ કનેકશન કપાતા પ્રજાને હાલાકી જેવા પ્રશ્નો તથા રેલ્વેસ્ટેશન વિસ્તાર મા સ્કુલ -કોલેજ આવેલ છે જે જગ્યાએ ભારે વાહનો બંધ કરી બાયપાસ રોડ ચાલુ કરવો , બસ ડેપો ની જગ્યા દાનમા આવીછે છતાંય બસ ડેપો ચાલુ થતો નથી અને એનુ ખાત મુહૂર્ત પાંચ થી છ વખત થયુ છે તો સિવિલ પાસે અંડર બ્રીજ ની માંગ સહિત ની સમસ્યા ને લઈ ને પેફલેટ વેચાણ દ્વારા લોકોને જાગૃત કર્યા હતા તો મંદી મોંઘવારી , બેરોજગારી , ભષ્ટ્રાચાર થી મુકત થવા કોંગ્રેસ સાથે હાથ સે હાથ જોડો પદયાત્રા દરમ્યાન નગરજનો ને વેપારીઓ ને આહ્વાન કર્યુ હતુ અને ડોર ટુડોર હાથ સે હાથ પદયાત્રા દરમ્યાન પેફલેટ નુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ધારાસભ્ય અમીતચાવડા , ખેડબ્રહ્માના ધારાસભ્ય ડૉ.તુષાર ચૌધરી , તાલુકા પ્રમુખ કૌશિકભાઈ પટેલ, રેખાબેન સોલંકી , નૂતનભાઈ પરમાર , તાલુકા પ્રમુખ ચિરાગ પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.